(૧) નીચેનામાંથી કયા રંગો પ્રાથમિક રંગો છે.

(A) લાલ, વાદળી, પીળો

(B) પીળો, લીલો, વાદળી

(C) લાલ, લીલો, ગુલાબી

(D) લાલ, લીલો, વાદળી

**જવાબ: (A)**

(૨) ચંદ્ર પર સૌ પ્રથમ પગ મુકનાર કોણ હતા ?

(A) યુરી ગાગરીન

(B) કલ્પના ચાવલા

(C) નીલ આર્મસ્ટ્રોંગ

(D) સુનિતા વિલીયમ્સ

**જવાબ: (C)**

(૩) મનુષ્યમાં ખોરાકના પાચનની પ્રક્રિયાની શરૂઆત કયાંથી થાય છે. ?

(A) મુખ

(B) ખોરાકની નળી

(C) જઠર

(D) નાનું આંતરડું

**જવાબ: (A)**

(૪) ગ્રીન હાઉસ કોના સંબંધિત છે ?

(A) ધાબા બાગકામ

(B) રસોડા બાગકામ

(C) વૈશ્વિક તાપમાન વધારો

(D) સુપોષકતાકરણ

**જવાબ: (C)**

(૫) ખેતરોમાં થતી અનૈચ્છિક વનસ્પતિઓને શું કહેવાય છે ?

(A) ક્ષુપ

(B) નીંદણ

(C) ઘાસ

(D) વૃક્ષ

**જવાબ: (B)**

(૬) સૌરમંડળનો સૌથી તેજસ્વી ગ્રહ કયો છે ?

(A) શુક્ર

(B) પૃથ્વી

(C) મંગળ

(D) ગુરૂ

**જવાબ: (A)**

(૭) થર્મોમીટરમાં કઇ ધાતુ વપરાય છે ?

(A) ચાંદી

(B) તાંબુ

(C) સોનુ

(D) પારો

**જવાબ: (D)**

(૮) પાણીના અણુનું રાસાયણિક સૂત્ર શું છે ?

(A) $CO_2$
(B) $SO_2$
(C) $H_2O$
(D) $O_2$

**જવાબ: (C)**

(૯) પેન્સિલમાં શું વપરાય છે ?

(A) ગ્રેફાઇટ

(B) સિલીકોન

(C) ફોસ્ફરસ

(D) કોલસો

**જવાબ: (A)**

(૧૦) પૃથ્વી ઉપરનો સૌથી સખત પદાર્થ ( substance ) કયો છે ?

(A) સોનું

(B) લોખંડ

(C) હીરો

(D) પ્લેટિનમ

**જવાબ: (C)**

(૧૧) ' ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો ' નું સૂત્ર કોણે આપ્યું ?

(A) રામકૃષ્ણ પરમહંસ

(B) સ્વામી વિવેકાનંદ

(C) દયાનંદ સરસ્વતી

(D) રાજા રામમોહન રાય

**જવાબ: (B)**

(૧૨) યોગ્ય જોડકા જોડો

| | |
|---|---|
| (P) બ્રહ્મો સમાજ | (1) દયાનંદ સરસ્વતી |
| (Q) આર્ય સમાજ | (2) ઠક્કરબાપા |
| (R) વહાબી આંદોલન | (3) સૈયદ અહમદ ખાન અને શરીઅતુલ્લા |
| (S) પંચમહાલ ભીલ સેવા મંડળ | (4) રાજા રામમોહન રાય |

| | | | | |
|---|---|---|---|---|
| (A) | P - 2 | Q - 3 | R - 1 | S - 4 |
| (B) | P - 3 | Q - 2 | R - 4 | S - 1 |
| (C) | P - 4 | Q - 1 | R - 2 | S - 3 |
| (D) | P - 4 | Q - 1 | R - 3 | S – 2 |

**જવાબ: (D)**

(૧૩) ૧૯૦૭ માં જર્મનીમાં યોજાયેલી 'આંતર રાષ્ટ્રીય સમાજવાદી પરિષદ' માં સૌ પ્રથમવાર કોણે હિન્દનો રાષ્ટ્ર ધ્વજ ફરકાવ્યો ?

(A) વીર સાવરકર

(B) મેડમ ભીખાજી કામા

(C) રાણા સરદારસિંહ

(D) શ્યામજી કૃષ્ણ વર્મા

**જવાબ: (B)**

(૧૪) '' હું કાગડા-કૂતરાને મોતે મરીશ. પરંતુ સ્વરાજય લીધા સિવાય હવે આ આશ્રમમાં પાછો પગ મૂકનાર નથી '' આવું કોણે કહેલું ?

(A) ગાંધીજી

(B) સરદાર વલ્લભભાઇ પટેલ

(C) સરોજિની નાયડુ

(D) મહાદેવભાઇ દેસાઇ

**જવાબ: (A)**

(૧૫) સ્વતંત્ર ભારતના સૌપ્રથમ ગૃહ પ્રધાન કોણ હતા ?

(A) જવાહરલાલ નહેરૂ

(B) રાજેન્દ્ર પ્રસાદ

(C) સરદાર વલ્લભભાઇ પટેલ

(D) ડો. ભીમરાવ આંબેડકર

**જવાબ: (C)**

(૧૬) સિંધુખીણની સંસ્કૃતિનું એક વિશાળ નગર 'ધોળાવીરા' ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે ?

(A) નર્મદા

(B) અમદાવાદ

(C) જામનગર

(D) કચ્છ

**જવાબ: (D)**

(૧૭) સમ્રાટ અશોકનો શિલાલેખ ગિરનારની તળેટીમાં કયા કુંડની નજીક આવેલો છે ?

(A) આત્મ કુંડ

(B) ધીરજ કુંડ

(C) દામોદર કુંડ

(D) સૂરજ કુંડ

**જવાબ: (C)**

(૧૮) શ્રીકૃષ્ણના બાળમિત્ર સુદામા કયાંના વતની હતા ?

(A) પોરબંદર

(B) મથુરા

(C) ભાવનગર

(D) રાજકોટ

**જવાબ: (A)**

(૧૯) સોલંકી વંશના કયા રાજવીએ ભીલ સરદારને હરાવીને ત્યાં કર્ણાવતી (હાલનું અમદાવાદ) નામે નગર વસાવ્યું હતું.

(A) કુમારપાળ

(B) કર્ણદેવ

(C) દુર્લભરાજ

(D) ચામુંડરાજ

**જવાબ: (B)**

(૨૦) મેહમૂદ ''બેગડો'' કેમ કહેવાય છે ?

(A) તે સામાન્ય માણસ કરતાં બે ઘણો જાડો હતો તેથી

(B) તે બે ઘડા ભરીને મદિરા પીતો હતો તેથી

(C) તે બે ગણું જમતો હતો તેથી

(D) તેણે જૂનાગઢ અને પાવાગઢ એમ બે ગઢ જીત્યા હતા તેથી

**જવાબ: (D)**

(૨૧) જોડકા જોડો

| | | |
|---|---|---|
| (P) | પન્નાલાલ પટેલ | (1) સરસ્વતીચંદ્ર |
| (Q) | ઝવેરચંદ મેઘાણી | (2) ગુજરાતનો નાથ |
| (R) | કનૈયાલાલ મુનશી | (3) માનવીની ભવાઇ |
| (S) | ગોવર્ધનરામ ત્રિપાઠી | (4) સૌરાષ્ટ્રની રસધાર |

| | P | Q | R | S |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 3 | 2 |
| (B) | 3 | 4 | 2 | 1 |
| (C) | 2 | 3 | 1 | 4 |
| (D) | 1 | 2 | 4 | 3 |

**જવાબ: (B)**

(૨૨) નવો મોરબી જીલ્લો કયા જીલ્લાઓના વિસ્તારને અલગ કરીને બનાવવામાં આવ્યો છે?

(A) રાજકોટ

(B) રાજકોટ અને સુરેન્દ્રનગર

(C) રાજકોટ, સુરેન્દ્રનગર અને ભાવનગર

(D) રાજકોટ, સુરેન્દ્રનગર અને જામનગર

**જવાબ: (D)**

(૨૩) નર્મદા નદીનું મૂળ કયું છે.

(A) સહ્યાદ્રિ

(B) મૈકલ

(C) અમરકંટક

(D) પૂર્વઘાટ

**જવાબ: (C)**

(૨૪) સિંધુખીણ સંસ્કૃતિના શોધાયેલા મહત્વના સ્થળોમાંથી કયા એક સ્થળે ગોદી (dockyard) મળી આવેલ છે ?

(A) વલભી

(B) ધોળાવીરા

(C) હડપ્પા

(D) લોથલ

**જવાબ: (D)**

(૨૫) ભારતમાં પારસીઓ ગુજરાતમાં સૌપ્રથમ કયા બંદર પર આવ્યા ?

(A) સુરત

(B) ભરૂચ

(C) ખંભાત

(D) સંજાણ

**જવાબ: (D)**

(૨૬) ગુજરાતી મૂળની પ્રથમ મહિલા અવકાશ યાત્રીનું નામ જણાવો ?

(A) કલ્પના ચાવલા

(B) સુનિતા વિલીયમ્સ

(C) લજ્જા ગોસ્વામી

(D) ગીત શેઠી

**જવાબ: (B)**

(૨૭) ગોળ ગધેડાનો મેળો કયા જિલ્લામાં ભરાય છે ?

(A) દાહોદ

(B) બનાસકાંઠા

(C) ભરૂચ

(D) સુરત

**જવાબ: (A)**

(૨૮) અમદાવાદના ઝુલતા મિનારા કયાં આવેલા છે ?

(A) શાહપુર

(B) દરિયાપુર

(C) કાલુપુર

(D) લાલ દરવાજા

**જવાબ: (C)**

(૨૯) ગુજરાતનો સૌથી ઉંચો પર્વત કયો છે ?

(A) જેસોર

(B) બરડો

(C) શેત્રુંજો

(D) ગિરનાર

**જવાબ: (D)**

(૩૦) રતનમહાલ રીંછ અભ્યારણ કયા જિલ્લામાં આવેલું છે ?

(A) ડાંગ

(B) દાહોદ

(C) બનાસકાંઠા

(D) પંચમહાલ

**જવાબ: (B)**

(૩૧) ભારતના કયા રાજયને સૌથી લાંબો દરિયા કિનારો છે ?

(A) ગુજરાત

(B) તામિલનાડુ

(C) કર્ણાટક

(D) આંધ્રપ્રદેશ

**જવાબ: (A)**

(૩૨) નીચેનામાંથી કયા રાજયો ચીનની સાથે સરહદ ધરાવે છે ?

P. જમ્મુ અને કાશ્મીર

Q. સિક્કિમ

R. અરૂણાચલ પ્રદેશ

S. હિમાચલ પ્રદેશ

(A) P, R અને S

(B) P, Q અને R

(C) P અને R

(D) P, Q, R અને S

**જવાબ: (D)**

(૩૩) નીચેનામાંથી કયું પ્રાણી ગિરના અભ્યારણમાં જોવા મળતું નથી.

(A) સિંહ

(B) કાળિયાર

(C) વાઘ

(D) નીલગાય

**જવાબ: (C)**

(૩૪) નીચેનામાંથી કયું લોકનૃત્ય ગુજરાતનું નથી ?

(A) બિહુ

(B) મેર રાસ

(C) ટિપ્પણી

(D) હૂડો

**જવાબ: (A)**

(૩૫) ભારતે છોડેલું મંગળયાન કયા ગ્રહને જાણકારી મેળવવામાં મદદરૂર થશે ?

(A) મંગળ

(B) બુધ

(C) ગુરૂ

(D) શુક્ર

**જવાબ: (A)**

(૩૬) હાલમાં ગુજરાત વિધાનસભાના સ્પીકર કોણ છે ?

(A) મંગુભાઇ પટેલ

(B) ઓ.પી.કોહલી

(C) વજુભાઇ વાળા

(D) ગણપતભાઇ વસાવા

**જવાબ: (D)**

(૩૭) જોડકા જોડો

| | | | |
|---|---|---|---|
| P | અરૂણાચલ પ્રદેશ | 1 | દિસપુર |
| Q | આસામ | 2 | ઇટાનગર |
| R | ગોવા | 3 | રાંચી |
| S | ઝારખંડ | 4 | પણજી |

| | | | | |
|---|---|---|---|---|
| (A) | P - 1 | Q - 2 | R - 4 | S - 3 |
| (B) | P - 2 | Q - 1 | R - 4 | S - 3 |
| (C) | P - 3 | Q - 4 | R - 1 | S - 2 |
| (D) | P - 4 | Q - 3 | R - 2 | S - 1 |

**જવાબ: (B)**

(૩૮) દિલ્હીમાં હાલમાં કોણ મુખ્યમંત્રી છે ?

(A) નરેન્દ્ર મોદી

(B) કિરણ બેદી

(C) અરવિંદ કેજરીવાલ

(D) ઉપરમાંથી કોઇ નહીં

**જવાબ: (C)**

(૩૯) પ્રવાસી ભારતીય દિવસ-૨૦૧૫ નો કાર્યક્રમ કયાં યોજાયો ?

(A) અમદાવાદ

(B) ગાંધીનગર

(C) વડોદરા

(D) રાજકોટ

**જવાબ: (B)**

(૪૦) નીચેનામાંથી કોણ ભારતના પ્રજાસત્તાક દિન-૨૦૧૫ ના દિલ્હી ખાતેનો ઉજવણીના '' ચીફ ગેસ્ટ '' હતા ?

(A) અમેરિકાના પ્રેસિડેન્ટ

(B) જાપાનના પ્રાઇમ મિનિસ્ટર

(C) ચીનના પ્રેસિડેન્ટ

(D) ઉપરમાંથી કોઇ નહીં

**જવાબ: (A)**

(૪૧) A T I R A - ટેક્ષટાઇલ રિસર્ચ ઇન્સ્ટીટયૂશન કયાં આવેલું છે ?

(A) વડોદરા

(B) સુરત

(C) અમદાવાદ

(D) રાજકોટ

**જવાબ: (C)**

(૪૨) નીચેનામાંથી કયા રાજયની સીમા ગુજરાતને અડતી નથી ?

(A) રાજસ્થાન

(B) મહારાષ્ટ્ર

(C) મધ્યપ્રદેશ

(D) છત્તીસગઢ

**જવાબ: (D)**

(૪૩) ભારતનું કયું નવું રાજય - ૨૦૧૪ માં બન્યું ?

(A) છત્તીસગઢ

(B) તેલંગાણા

(C) ઝારખંડ

(D) ઉત્તરાખંડ

**જવાબ: (B)**

(૪૪) ભારતના હાલના રાષ્ટ્રાપતિ કોણ છે ?

(A) પ્રતિભા પાટીલ

(B) પ્રણવ મુખરજી

(C) રાજેન્દ્ર પ્રસાદ

(D) એ.પી.જે.અબ્દુલ કલામ

**જવાબ: (B)**

(૪૫) '' હકીકત '' એટલે શું ?

(A) ઇન્દ્રિયગોચર વસ્તુ, વસ્તુઓની સ્થિતિ અથવા વસ્તુઓનો સંબંધ

(B) કોઇ વ્યકિતને જેનું ભાન હોય તેવી મનની સ્થિતિ

(C) A અને B બંને

(D) ફકત A

**જવાબ: (C)**

(૪૬) નીચેનામાંથી કયું વાકય સાચું છે ?

(P) લખાણ એ દસ્તાવેજ છે.

(Q) મુદ્રિત લિથો કરેલ અથવા ફોટો પાડેલ શબ્દો દસ્તાવેજ છે.

(A) ફક્ત P સાચું છે.

(B) ફક્ત Q સાચું છે.

(C) P અને Q - કોઇ સાચા નથી.

(D) P અને Q - બંને સાચા છે.

**જવાબ: (D)**

(૪૭) જે હકીકત ''સાબિત થયેલી'' ના હોય અને ''નાસાબિત થયેલી'' પણ ના હોય તેને શું કહેવાય ?

(A) સાબિત થયેલી

(B) સાબિત ન થયેલી

(C) અડધી સાબિત

(D) ઉપરોકત કોઇ નહીં

**જવાબ: (B)**

(૪૮) સાક્ષીઓને તપાસવાનો સામાન્ય પણે ક્રમ કયો હોય છે ?

(A) સર તપાસ, ઉલટ તપાસ, ફેર તપાસ

(B) સર તપાસ, ફેર તપાસ, ઉલટ તપાસ

(C) ફેર તપાસ, ઉલટ તપાસ, સર તપાસ

(D) ઉલટ તપાસ, ફેર તપાસ, સર તપાસ

**જવાબ: (A)**

(૪૯) સૂચક પ્રશ્નો અંગે કયું વિધાન સાચું છે ?

(P) પ્રતિપક્ષી વાંધો ઉઠાવે તો સર તપાસમાં ન પૂછી શકાય

(Q) ફેર તપાસમાં ન્યાયાલયની પરવાનગી સિવાય ન પૂછી શકાય

(A) ફક્ત P સાચું છે.

(B) ફક્ત Q સાચું છે.

(C) P અને Q - બંને સાચા છે.

(D) P અને Q - બંને ખોટા છે.

**જવાબ: (C)**

(૫૦) જયેશ એક સાયકલ રૂ.૧૨૦૦ માં ખરીદે છે અને રૂ.૧૧૦૪ માં વેચે છે તો તેને કેટલા ટકા નુકશાન થયું ?

(A) ૭ %

(B) ૮ %

(C) ૯ %

(D) ૧૦ %

**જવાબ: (B)**

(૫૧) જે કામ ૧૨ માણસો ૯ દિવસમાં પૂરૂં કરે તો તે જ કામ ૧૮ માણસો કેટલા દિવસમાં પૂરૂં કરે ?

(A) ૪

(B) ૫

(C) ૬

(D) ૭

**જવાબ: (C)**

(૫૨) ૧, ૪, ૯, ૧૬,.........?

(A) ૨૫

(B) ૩૦

(C) ૩૨

(D) ૪૫

**જવાબ: (A)**

(૫૩) કોઇપણ બાજુથી ચાલુ કરો, તમારો ક્રમ ૧૩મો હોય તો હારમાં કુલ કેટલા માણસો હશે ?

(A) ૧૩

(B) ૧૫

(C) ૨૨

(D) ૨૫

**જવાબ: (D)**

(૫૪) ધારો કે આજે શુક્રવાર છે તો પછીના રવિવાર પછી ૨૫ દિવસે કયો વાર હશે ?

(A) મંગળવાર

(B) બુધવાર

(C) ગુરૂવાર

(D) શુક્રવાર

**જવાબ: (C)**

(૫૫) મહેશ તેના મિત્રને એક છોકરીનો પરિચય કરાવતાં કહે છે કે - આ મારા દાદાના એકના એક પુત્રની પુત્રી છે. તો આ છોકરી મહેશની શું સગી થાય ?

(A) માતા

(B) બહેન

(C) પત્ની

(D) પિતરાઇ બહેન

**જવાબ: (B)**

(૫૬) CPU નું પૂરૂં નામ શું છે ?

(A) સેન્ટ્રલ પ્રોજેકટ યુનિટ

(B) સેન્ટ્રલ પરફેકટ યુનિટ

(C) સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ

(D) સેન્ટ્રલ પબ્લીક યુનિટ

**જવાબ: (C)**

(૫૭) મીણબત્તી - મીણ તો કાગળ .......?

(A) વૃક્ષ

(B) ચોપડી

(C) પસ્તી

(D) લખવું

**જવાબ: (A)**

(૫૮) A , D, H , K , O ,.....................

(A) Q
(B) R
(C) S
(D) T

**જવાબ: (B)**

(૫૯) આજે વિજયે રમેશને પરમ દિવસે ગુરૂવારે મળવાનું નક્કી કર્યું તો ગઇકાલે કયો વાર ગયો ?

(A) મંગળવાર

(B) બુધવાર

(C) રવિવાર

(D) સોમવાર

**જવાબ: (D)**

(૬૦) X અને Y બંને Z નું ખૂન કરવા જાય છે. X દરવાજા પાસે છરી લઇને ઉભો રહે છે. અને Y તમંચાથી ફાયર કરીને Z ને મારી નાંખે છે.

(A) ફકત Y ખૂન માટે જવાબદાર છે.

(B) X અને Y બંને ખૂન માટે જવાબદાર છે.

(C) ફકત X ખૂન માટે જવાબદાર છે.

(D) X અને Y કોઇ ખૂન માટે જવાબદાર નથી.

**જવાબ: (B)**

(૬૧) સ્વ બચાવનો હક્ક ( રાઇટ ટુ પ્રાઇવેટ ડીફેન્સ ) કઇ કલમમાં સમાવાયેલ છે ?

(A) IPC - 94
(B) IPC - 95
(C) IPC - 96
(D) IPC – 90

**જવાબ: (C)**

(૬૨) અ એ બ ના ઘરમાંથી ઘરેણાની બેગ લઇને ભાગે છે. બહાર નિકળતા ચોકીદાર તેને અટકાવે છે. તે પોતાના ચપ્પુથી ચોકીદારને ઘાયલ કરીને ભાગી જાય છે. અહીં અ એ કયો ગુનો કર્યો છે.

(A) ચોરી

(B) લૂંટ

(C) ધાડ

(D) છેતરપીંડી

**જવાબ: (B)**

(૬૩) ભારતીય ફોજદારી ધારો એટલે

(A) ઇન્ડિયન પોલીસ કોડ

(B) ઇન્ડિયન પ્રોસિજર કોડ

(C) ઇન્ડિયન પીનલ કોડ

(D) ક્રિમીનલ પ્રોસિજર કોડ

**જવાબ: (C)**

(૬૪) નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) ચોરીના ગુના માટે ઓછામાં ઓછી ૨ વ્યકિત હોવી જોઇએ.

(B) લૂંટના ગુના માટે ઓછામાં ઓછી ૩ વ્યકિત હોવી જોઇએ.

(C) ઘરફોડ ચોરીના ગુના માટે ઓછામા ઓછી ૪ વ્યકિત હોવી જોઇએ.

(D) ધાડના ગુના માટે ઓછામા ઓછી ૫ વ્યકિત હોવી જોઇએ.

**જવાબ: (D)**

(૬૫) IPC - ૪૯૮-ક મુજબ ત્રાસ એટલે

(A) પરિણીત સ્ત્રીને પતિ કે પતિના સગા દ્વારા કરવામાં આવતો ત્રાસ

(B) ફકત શારીરિક ત્રાસ

(C) ફકત માનસિક ત્રાસ

(D) પરિણીત પુરૂષને પત્ની દ્વારા કરવામાં આવતો ત્રાસ

**જવાબ: (A)**

(૬૬) IPC મુજબ

(A) ખોટી સાક્ષી આપવાથી કોઇ ગુનો બનતો નથી.

(B) ખોટી સાક્ષી આપવા બદલ સજા થઇ શકે છે.

(C) ખોટી સાક્ષી આપનારને અદાલતમાં ફરીથી કયારેય બોલાવી શકાય નહીં.

(D) ખોટી સાક્ષી આપવા બદલ અદાલત કોઇ કાર્યવાહી કરી શકતી નથી.

**જવાબ: (B)**

(૬૭) ચોરી માટે નીચેનામાંથી કયું વિધાન ખોટું છે.

(A) ચોરીની વિષય વસ્તુ સ્થાવર મિલ્કત હોય છે.

(B) ચોરીની વિષય વસ્તુ જંગમ મિલ્કત હોય છે.

(C) તે કબ્જેદાર વ્યકિતની સંમતિ વિના થાય છે.

(D) તે કબ્જેદારના કબજામાંથી લઇ લેવાના ઇરાદે થાય છે.

**જવાબ: (A)**

(૬૮) ગેરકાયદેસર મંડળી માટે કેટલા વ્યકિતઓ ઓછામાં ઓછા હોવા જરૂરી છે.

(A) 2

(B) 3

(C) 4

(D) 5

**જવાબ: (D)**

(૬૯) IPC મુજબ

(1) કલમ 302 - ખૂનની સજા

(2) કલમ 307 - ખૂનની કોશિષની સજા

(3) કલમ 379 - ચોરીની સજા

(4) કલમ 395 - ધાડની સજા

(A) ફકત 1 સાચું

(B) 1 અને 2 સાચા

(C) 1, 2, 3 સાચા

(D) 1, 2, 3 અને 4 બધા સાચા

**જવાબ: (D)**

(૭૦) ક્રિકેટ વર્લ્ડ કપ - ૨૦૧૫ ની મેચો કયા દેશમાં યોજવામાં આવેલ હતી?

(A) ઓસ્ટ્રેલીયા

(B) ન્યુઝીલેન્ડ

(C) ઓસ્ટ્રેલીયા અને ન્યુઝીલેન્ડ

(D) ઉપરમાંથી કોઇ નહીં.

**જવાબ: (C)**

(૭૧) કોગ્નિઝેબલ ગુના અટકાવવા માટે પોલીસ સી.આર.પી.સી. ની કઇ કલમ હેઠળ વોરંટ વગર ધરપકડ કરી શકે છે ?

(A) સી.આર.પી.સી. કલમ - ૧૪૧

(B) સી.આર.પી.સી. કલમ - ૧૪૫

(C) સી.આર.પી.સી. કલમ - ૧૫૧

(D) સી.આર.પી.સી. કલમ - ૧૫૫

**જવાબ: (C)**

(૭૨) વગર વોરંટે ગુનાના કામે ધરપકડ કરવામાં આવેલી વ્યકિતને મુસાફરી સમય સિવાય કેટલા કલાકની અંદર જે તે હકુમતી કોર્ટ સમક્ષ અટક કરેલ વ્યકિતને રજૂ કરવાનો રહે છે?

(A) ૧૨ કલાક

(B) ૨૪ કલાક

(C) ૪૮ કલાક

(D) ૫૦ કલાક

**જવાબ: (B)**

(૭૩) ફરિયાદ ( FIR ) ની નકલ ફરિયાદીને પોલીસે કેટલા મૂલ્યમાં આપવાની હોય છે ?

(A) રૂ. ૨૦

(B) રૂ. ૫૦

(C) રૂ. ૧૦૦

(D) વિના મૂલ્યે

**જવાબ: (D)**

(૭૪) સી.આર.પી.સી.ની કઇ કલમ હેઠળ તપાસ કરનાર પોલીસ અધિકારી સાક્ષીઓને તપાસે છે ?

(A) સી.આર.પી.સી. કલમ - ૧૫૧

(B) સી.આર.પી.સી. કલમ - ૧૬૧

(C) સી.આર.પી.સી. કલમ - ૧૬૫

(D) સી.આર.પી.સી. કલમ - ૧૭૧

**જવાબ: (B)**

(૭૫) મહિલાની ધરપકડ માટે કયું વિધાન સાચું છે.

(A) મહિલાની ધરપકડ ફકત મહિલા પોલીસ અધિકારી જ કરી શકે

(B) મહિલાની ધરપકડ કોઇ પણ સમયે ( દિવસે કે રાત્રે ) કરવા માટે કોઇની પૂર્વ પરવાનગીની જરૂર નથી.

(C) મહિલાની ધરપકડ માટે મહિલા પોલીસ અધિકારી પણ જેની ધરપકડ કરવાની હોય તે મહિલાના શરીરને અડકી શકે નહીં.

(D) મહિલાની ધરપકડ સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલા કરવા માટે મેજીસ્ટ્રેટની પૂર્વ પરવાનગી લેવી જોઇએ.

**જવાબ: (D)**

(૭૬) ભારતનું બંધારણ ઘડવા માટેની ખરડા સમિતિના અધ્યક્ષ કોણ હતા ?

(A) ડો. ભીમરાવ આંબેડકર

(B) સી. રાજગોપાલા ચારી

(C) રાજેન્દ્ર પ્રસાદ

(D) જવાહરલાલ નહેરૂ

**જવાબ: (A)**

(૭૭) જમ્મુ કાશ્મીર રાજયને ભારતના બંધારણના કયા અનુચ્છેદથી વિશેષ દરજ્જો પ્રદાન કરવામાં આવેલો છે ?

(A) અનુચ્છેદ - ૩૫૬

(B) અનુચ્છેદ - ૩૦૨

(C) અનુચ્છેદ - ૩૭૦

(D) અનુચ્છેદ - ૩૬૦

**જવાબ: (C)**

(૭૮) રાજયના બંધારણીય વડા કોણ હોય છે ?

(A) રાષ્ટ્રપતિ

(B) રાજયપાલ

(C) મુખ્યમંત્રી

(D) વિધાનસભા અધ્યક્ષ

**જવાબ: (B)**

(૭૯) માહિતી અધિકારનો કાયદો કયા વર્ષથી અમલમાં આવ્યો ?

(A) ૧૯૪૭

(B) ૧૯૯૩

(C) ૨૦૦૩

(D) ૨૦૦૫

**જવાબ: (D)**

(૮૦) ' લાફીંગ ગેસ ' ( Laughing gas ) એટલે કયો વાયુ ?

(A) કાર્બન મોનોકસાઇડ

(B) સલ્ફર ડાયોકસાઇડ

(C) હાઇડ્રોજન પરોકસાઇડ

(D) નાઇટ્રસ ઓકસાઇડ

**જવાબ: (D)**

(૮૧) કઇ ધાતુ સામાન્ય અવસ્થામાં પ્રવાહી સ્વરૂપે હોય છે.

(A) રેડીયમ

(B) પારો

(C) જિંક

(D) યુરેનિયમ

**જવાબ: (B)**

(૮૨) કયા બ્લડગૃપવાળા વ્યકિતને ' સાર્વજનિક દાતા ' કહે છે ?

(A) A

(B) B

(C) O

(D) AB

**જવાબ: (C)**

(૮૩) આગ બૂઝાવવામાં કયો ગેસ વપરાય છે ?

(A) નિયોજન

(B) નાઇટ્રોજન

(C) કાર્બન ડાયોકસાઇડ

(D) કાર્બન મોનોકસાઇડ

**જવાબ: (C)**

(૮૪) ' પંચ તંત્ર ' ના રચયિતા કોણ છે ?

(A) કાલિદાસ

(B) વિષ્ણુશર્મા

(C) પાણિની

(D) ચાણકય

**જવાબ: (B)**

(૮૫) ગાંધીજીએ કયારે '' દાંડીકૂચ '' કરી ?

(A) ઇ.સ.૧૯૨૮

(B) ઇ.સ.૧૯૩૦

(C) ઇ.સ.૧૯૩૨

(D) ઇ.સ.૧૯૩૫

**જવાબ: (B)**

(૮૬) સૌ પ્રથમ સત્યાગ્રહ કઇ જગ્યાએ કરવામાં આવ્યો ?

(A) બારડોલી

(B) ધરાસણા

(C) ચંપારણ

(D) દિલ્હી

**જવાબ: (C)**

(૮૭) ગાંધીજીના પ્રિય ભજન ' વૈષ્ણવ જન તો તેને રે કહીયે...' ની રચના કોણે કરી છે ?

(A) નરસિંહ મહેતા

(B) મહાત્મા ગાંધી

(C) સરોજિની નાયડુ

(D) રવિન્દ્રનાથ ટાગોર

**જવાબ: (A)**

(૮૮) વર્ષ ૨૦૧૫માં ' આયોજન પંચ ' ને બદલે કયું નવું પંચ અમલમાં આવ્યું ?

(A) નેશનલ પંચ

(B) નીતિ પંચ

(C) વાઇબ્રન્ટ પંચ

(D) વિકાસ પંચ

**જવાબ: (B)**

(૮૯) ગુજરાતનો સ્થાપના દિન કયો છે ?

(A) ૧લી મે ૧૯૬૦

(B) ૧લી જૂન ૧૯૬૦

(C) ૧લી જુલાઇ ૧૯૬૦

(D) ૧લી ઓગષ્ટ ૧૯૬૦

**જવાબ: (A)**

(૯૦) ગુજરાતમાં હાલમાં કુલ કેટલા જિલ્લાઓ છે. ?

(A) ૩૧

(B) ૩૨

(C) ૩૩

(D) ૩૪

**જવાબ: (C)**

(૯૧) સ્વાઇન ફ્લુ કયા વાયરસથી ફેલાય છે.

(A) $B_1$ $N_1$
(B) $C_1$ $D_1$
(C) $T_1$ $N_1$
(D) $H_1$ $N_1$

**જવાબઃ (D)**

(૯૨) ભારતના સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયધીશની સેવા નિવૃત્તિની વય કેટલી હોય છે ?

(A) ૬૦ વર્ષ
(B) ૬૨ વર્ષ
(C) ૬૫ વર્ષ
(D) ૬૮ વર્ષ

**જવાબઃ (C)**

(૯૩) ભારતના સંસદમાં કોનો સમાવેશ થાય છે ?

(A) લોકસભા અને રાજયસભા
(B) લોકસભા, રાજયસભા અને રાષ્ટ્રપતિ
(C) લોસભા
(D) રાજયસભા

**જવાબઃ (B)**

(૯૪) કૈલાશ સત્યાર્થીને કયા ક્ષેત્રમાં કામ કરવા બદલ નોબેલ પુરસ્કાર મળ્યો છે ?

(A) બાળમજૂરોને છોડાવવા
(B) સ્વાસ્થ્ય ક્ષેત્રમાં સુધારો લાવવા
(C) પત્રકારિત્વના ક્ષેત્રમાં
(D) પર્યાવરણના ક્ષેત્રમાં જાગૃતિ લાવવા

**જવાબઃ (A)**

(૯૫) ગોબર ગેસમાં મુખ્યત્વે કયો ગેસ હોય છે ?

(A) ઇથેન
(B) મિથેન
(C) પ્રોપેન
(D) બ્યુટેન

**જવાબઃ (B)**

(૯૬) ભારત દેશના સૌ પ્રથમ ગુજરાતી વડાપ્રધાન કોણ હતા ?

(A) નરેન્દ્ર મોદી
(B) મોરારજી દેસાઇ
(C) સરદાર પટેલ
(D) જવાહરલાલ નહેરૂ

**જવાબઃ (B)**

(૯૭) ગુજરાતના મધ્ય ભાગમાંથી કયું વૃત્ત પસાર થાય છે ?

(A) કર્ક વૃત્ત

(B) મક્કર વૃત્ત

(C) વિષુવ વૃત્ત

(D) ઉપરમાંથી કોઇ નહીં

**જવાબ: (A)**

(૯૮) પાલીતાણાના જૈન મંદિરો કયા પર્વત પર આવેલા છે ?

(A) ગિરનાર

(B) શેત્રુંજય

(C) પાવાગઢ

(D) વિલ્સન હિલ

**જવાબ: (B)**

(૯૯) ઈસ્ટ ઈંડીયા કંપની ગુજરાતમાં સૌ પ્રથમ કયાં આવી.?

(A) સુરત

(B) ભરૂચ

(C) વડોદરા

(D) અમદાવાદ

**જવાબ: (A)**

(૧૦૦) અંબાજી તીર્થધામ કઇ પર્વતમાળામાં આવેલું છે ?

(A) અરવલ્લી

(B) સહ્યાદ્રી

(C) પશ્ચિમઘાટ

(D) પૂર્વઘાટ

**જવાબ: (A)**